C1236

# જામનગર મહાનગરપાલિકા

**<u>આરોગ્ય શાખા –મહાનગરપાલિકા ખાતે</u>**
**<u>તદન હંગામી ધોરણે કરાર આધીન જગ્યાઓ ભરવા અંગે.</u>**

જામનગર મહાનગરપાલિકા આરોગ્ય શાખા હસ્તક આયુષ મેડીકલ ઓફીસર(આર.બી.એસ.કે.પુરૂષ), ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ, એ.એન.એમ. તથા સ્ટાફનર્સ ની ભરતી ૧૧ માસ માટે કરાર આધારીત કરવાની છે. આ જગ્યાઓ માટેની જરૂરી વિગતો જામનગર મહાનગર પાલિકાની વેબસાઈટ www.mcjamnagar.com પર પ્રદર્શિત કરેલ છે. ઈચ્છુક ઉમેદવારોએ તા.૦૬/૦૩/૨૦૨૧ સુધીમાં વેબ સાઈટ પર દર્શાવેલ પધ્ધતિથી અરજી કરવા જણાવવામાં આવે છે.

ડે.કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

# જામનગર મહાનગરપાલિકા

## આરોગ્ય શાખા

## <u>કરાર આધારીત ભરતી – જાહેરાતની અગત્યની બાબતો</u>

જામનગર મહાનગરપાલિકામાં આરોગ્ય શાખા હસ્તકની આર.બી.એસ.કે. ડેડીકેટેડ મોબાઈલ હેલ્થ ટીમ માટે આયુષ મેડીકલ ઓફીસર (આર.બી.એસ.કે.– પુરૂષ) તથા ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ, તેમજ નેશનલ અર્બન હેલ્થ મિશન હેઠળ એ.એન.એમ., સ્ટાફનર્સ ની જગ્યાઓ માટે તદન હંગામી ધોરણે ૧૧ માસ માટે કરાર આધારીત માસિક ફિકસ વળતરથી ભરવા માટે અરજીઓ દર્શાવેલ ગુગલ લીંકમાં તા.૦૬/૦૩/૨૦૨૧ સુધીમાં કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | માસીક ફિકસ વળતર રૂા. |
|---|---|---|---|---|
| ૧ | આર.બી.એસ.કે. આયુષ મેડીકલ ઓફીસરપુરૂષ (BAMS/ BHMS/BSAM) | ૦૧ | ઉમેદવારે માન્ય કોલેજ/ યુનિવસીટીમાંથી BAMS/ BSAM/ BHMS કરેલ હોવું જોઈએ. ઉમેદવાર ગુજરાતની આયુર્વેદીક /હોમીયોપેથીક કાઉન્સીલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ. | ૨૫૦૦૦/- |
| ૨ | ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ (આર.બી.એસ.કે.) | ૦૬ | ઉમેદવારે માન્ય કોલેજ/ યુનિવસીટીમાંથી બેચરલ ઓફ ફાર્માસીસ્ટ કરેલ હોવું જોઈએ. ઉમેદવાર ગુજરાતની ફાર્માસીસ્ટ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ. | ૧૩૦૦૦/- |

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | માસીક ફિક્સ વળતર રૂા. |
|---|---|---|---|---|
| ૩ | સ્ટાફ નર્સ | ૨ | ઉમેદવારે ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાથી બી.એસ.સી. (નર્સિંગ) પાસ કરેલ હોવું જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઇએ.<br>અથવા<br>ઉમેદવારે ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી ડીપ્લોમા ઇન જનરલ નર્સિંગ અને મીડવાઇફરી પાસ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જોઇએ. બેઝીક કમ્પ્યુટર કોર્સનું પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઇએ. | ૧૩૦૦૦/- |
| ૪ | એ.એન.એમ. | ૧ | ઈન્ડીયન નર્સિંગ કાઉન્સિલ ધ્વારા માન્ય સંસ્થામાંથી બેઝીક એ.એન.એમ. કોર્સ કરેલ હોવો જોઈએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવું જરૂરી છે. બેઝીક કોમ્પ્યુટર કોર્સનું પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ. | ૧૨૫૦૦/- |

## અન્ય વિગતો

A વય મર્યાદા :–

૧) મેડીકલ ઓફીસરની પોસ્ટ માટે ૪૦ વર્ષ

૨) ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટની પોસ્ટ માટે ૪૦ વર્ષ

૩) સ્ટાફ નર્સની પોસ્ટ માટે ૪૫ વર્ષ

૪) એ.એન.એમ.ની પોસ્ટ માટે ૪૫ વર્ષ

B ગુગલ ફોર્મમાં અપલોડ કરવાના થતા ડોકયુમેન્ટસની યાદી :–

**આર.બી.એસ.કે.આયુષ મેડીકલ ઓફીસર માટે :–** ૧) એચ.એસ.સી.ની માર્કશીટ, ૨) સ્નાતક ડીગ્રીની ફાયનલ વર્ષની માર્કશીટ, ૩)ડીગ્રી સર્ટીફીકેટ, ૪) એટેમ્પ્ટ સર્ટીફીકેટસ, ૫) ઉંમરનો પુરાવો, ૬) ગુજરાત આયુર્વેદીક/હોમીયોપેથીક કાઉન્સિલનું રજીસ્ટ્રેશન.

**ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ માટે :–** ૧) એચ.એસ.સી.ની માર્કશીટ, ૨) સ્નાતક ડીગ્રીની ફાયનલ વર્ષની માર્કશીટ, ૩)ડીગ્રી સર્ટીફીકેટ, ૪) એટેમ્પ્ટ સર્ટીફીકેટસ, ૫) ઉંમરનો પુરાવો, ૬) ગુજરાત ફાર્મસીનું કાઉન્સિલનું રજીસ્ટ્રેશન.

**સ્ટાફ નર્સ માટે :–** ૧)ફાયનલ વર્ષની માર્કશીટ, ૨) એટેમ્પ્ટ સર્ટીફીકેટ, ૩) ઉંમરનો પુરાવો, ૪) ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન.

**એ.એન.એમ. માટે :–** ૧)ફાયનલ વર્ષની માર્કશીટ, ૨) એટેમ્પ્ટ સર્ટીફીકેટ, ૩) ઉંમરનો પુરાવો, ૪) ગુજરાત નર્સિંગ કાઉન્સિલનું રજીસ્ટ્રેશન.

C જાહેરાતમાં દર્શાવેલ સમયગાળા દરમ્યાન આવેલ અરજીઓ જ માન્ય ગણવામાં આવશે. ઉપરોકત **આર.બી.એસ.કે. આયુષ મેડીકલ ઓફીસર, ફાર્માસીસ્ટ કમ ડેટા આસીસ્ટન્ટ પોસ્ટ** માટે http://bit.ly/2ZUrPzi લીંક પર ઓનલાઈન ગુગલ ફોર્મમાં અરજી કરવાની રહેશે. તેમજ ઉપર દર્શાવેલ ડોકયુમેન્ટસ અપલોડ કરવાના રહેશે. તથા **સ્ટાફનર્સ, એ.એન.એમ. પોસ્ટ** માટે https://rb.gy/idozel લીંક પર ઓનલાઈન ગુગલ ફોર્મમાં અરજી કરવાની રહેશે. તેમજ ઉપર દર્શાવેલ ડોકયુમેન્ટસ અપલોડ કરવાના રહેશે.

D **પસંદગીના ધોરણો :–**

આર.બી.એસ.કે. મેડીકલ ઓફીસર તથા આર.બી.એસ.કે. ફાર્માસીસ્ટ કમ ડેટા આસી. માટે નીચે મુજબ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

૧) ઉચ્ચતર માધ્યમિક બોર્ડ (વિજ્ઞાન વિષયો)માં મેળવેલા ટકાવારીના ૪૦%

૨) સ્નાતકમાં મેળવેલ ટકાવારીના ૪૦ %.

૩) ગુજરાતમાંથી ઉચ્ચતર માધ્યમિક બોર્ડમાં પાસ થયેલા ઉમેદવારોને ૧૦% .

૪) ગુજરાતમાંથી સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારોને ૧૦%.

૫) એચ.એસ.સી.માં એકથી વધુ દરેક પ્રયત્ન દીઠ ૩% કપાત.

૬) સ્નાતકમાં એકથી વધુ દરેક પ્રયત્નદીઠ ૩% કપાત.

૭) સરખા મેરીટના કીસ્સામાં વહેલી જન્મ તારીખ ધરાવનારાને પ્રાધાન્ય આપવામાં આવશે.

૮)ફાર્માસીસ્ટ કમ ડેટા આસી.ની પોસ્ટ માટે સરખા મેરીટના કિસ્સામાં મેનેજમેન્ટ/કોમ્પ્યુટરમાં અતિરીકત સર્ટીફીકેટ/કવોલીફીકેશન ધરાવનારને પ્રાધાન્ય આપવું.

E સ્ટાફ નર્સ તથા એ.એન.એમ.ની પોસ્ટ માટે મેરીટ યાદી નીચે મુજબ તૈયાર કરવામાં આવશે.

આ પસંદગી મુળ લાયકાતના ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. એક થી વધુ ટ્રાયલ હોય તો બીજા ટ્રાયલ માટે ૩% કાપવામાં આવશે. અને ૨ થી વધુ ટ્રાયલ હોય તો પસંદગીને પાત્ર ગણવામાં આવશે નહી.

F ઉકત જગ્યાઓ પર નિમણુંકનો સમયગાળો ૧૧ માસ માટે રહેશે. જે મુદતમાં જરૂરીયાતના આધારે વધારો કે ઘટાડો કરી શકાશે.

H કોઈપણ પૃચ્છા કે માર્ગદર્શન માટે મહાનગરપાલિકા ખાતે મોબાઈલ નંબર ૭૫૭૩૯૪૧૦૩૮ ઉપર તા.૦૬/૦૩/૨૦૨૧ સુધી બપોરે ૧૨: ૦૦ થી ૨: ૦૦ તથા સાંજના ૧૬: ૦૦ થી ૧૭:૦૦ દરમ્યાન સંપર્ક કરી શકાશે.

ડે.કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા